અંક: ૪

# આચમન

શિક્ષણ એજ ધ્યેય...

જાન્યુઆરી-૨૦૧૪

## શ્રી કોટડા (ચકાર) સી.આર.સી.

કોટડા, તા: ભુજ, જિલ્લો-કચ્છ [ગુજરાત]
પિન: ૩૭૦૧૦૫.



તંત્રી શ્રી: **મયુરભાઇ જી. ભાનુશાલી**
સી.આર.સી. કો-ઓર્ડીનેટર,
કોટડા (ચકાર).



### સંપાદક મંડળ

- ચિરાગ પટેલ, કોટડા આ. પ્રા. શાળા.
- નિતિન પટેલ, જાંબુડી પ્રા. શાળા.
- હરેશ લિંબાણી, કોટડા ઉ. પ્રા. શાળા.
- વિજય પટેલ, સણોસરા પ્રા. શાળા
- હરીલાલ ભાનુશાલી, કૈલાશનગર પ્રા.શાળા
- હાર્દિક રાવલ, ચકાર પ્રા .શાળા

**Our Web Contacts**

**Web site :- crckotda.weebly.com**
**Mail Add :- crckotda2013@gmail.com**
**Facebook :-facebook.com**Crc kotda chakar



## તંત્રી ની કલમે....

શિક્ષણ જગત માં “આચમન” રૂપી ચોથી અંજલિ આપની સમક્ષ મુકું છું .દરેક અંક માં નવું મુકવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે ડિસેમ્બર માં રમતોત્સવ અને બાળમેળો જેવી બાળકો ને અતિપ્રિય પ્રવૃતિઓ થી હ્રદય પુલકિત બને એ સ્વાભાવિક છે. મને ગમતા શેરો “શેરે ગુલશન” વિભાગ દ્વારા આ અંક થી મૂકી રહ્યો છું .જે ગમશે એવી આશા છે. શિયાળાની ફૂલગુલાબી ઠંડી સાથે સર્વે સારસ્વત મિત્રો ને નવા ખ્રિસ્તી વર્ષ ૨૦૧૪ ની ખૂબ ખૂબ શુભકામનાઓ........................................








# ખાબોચિયા અને ઝરણા વચ્ચે જીવતી માણસજાત

ક માણસો સાવ સુકા ઘાસ જેવા હોય છે. તેઓ ભારામાં બંધાઈ શકે છે અને ઝટ ઝટ બળી શકે, પરંતુ ખીલી શકતા નથી. ગમાણમાં પડેલા સુક્કા ઘાસને ભારે નિરાંત હોય છે. ન ખીલવાની નિરાંત ?

ખાબોચિયું સુકાઈ શકે છે, પણ વહી નથી શકતું. ઝરણું સદાય વહેવાની ધૂનમાં હોય છે. પથ્થરો સાથે અફળાતાં રહીને એ વહેવાનું ચાલુ રાખે છે. એના આવા સાહસમાંથી જ સંગીત પેદા થતું હોય છે. આ વિશ્વમાં જ્યાં અને જ્યારે કશાક પ્રકારનો સંઘર્ષ લયબદ્ધ બને ત્યારે જ સંગીતનું નિર્માણ થતું હોય છે.સંગીત એટલે સંઘર્ષ નો વાસનામોક્ષ_ _ _ _

ખાબોચિયા અને ઝરણા વચ્ચે જીવતી માણસજાત સતત કોને અનુસરવું તેની વિમાસણમાં જ જિંદગી પૂરી કરતી આવી છે. ખાબોચિયાની સલામતી એટલે મૃત્યુ પહેલાં જ મરી જવાની જડબેસલાક, બંધિયાર અને ગંદી વ્યવસ્થા. ઝરણાંની બિનસલામતી એટલે જીવાય ત્યાં સુધી જીવી જવાની જંગલમય અવ્યવસ્થા.

શબ્દો વગરની પ્રાર્થના સારી, પણ પ્રાર્થના વગરના શબ્દો શા કામના ?

**સંકલન : સ્નેહલ એ. સથવારા**

**(કોટડા આ. પ્રા. શાળા)**



## ગઝલ

**" આવતી કાલ અમારી છે........ "**

આજે નહિ સ્વીકારો એ ક્યાં અમને ખબર નથી,
પણ આવતીકાલ અમારી છે એ તમને ખબર નથી,
જિંદગીમાં ચાહયા છે બસ તમને જ અમે,
પરંતુ અમારા એ પ્રેમની તમને કદર નથી,
યાદ તમને કરીને પસાર કરી છે અમે રજનીઓ,
કિન્તુ એ જાલિમ અંધારી રજની ની તમને અસર નથી,
ખુશી-ખુશી છું આજે હું બહુ, જોઈને તમને પણ ખુશ,
ઝૂંટવી ને કદી જીવ્યો નથી, એનો પણ તમને આદર નથી,
થાકી ગયો છે તમને બોલાવીને આજે "આઝાદ" પણ,
એક દિવસ સામેથી આવશો, એ ક્યાં અમને ખબર નથી.

**........દિક્ષિત મોતા " આઝાદ" {શ્રી સણોસરા પ્રા. શાળા}**

આ જગતમાં કશું જ કાયમી નથી , આપણી મુસીબતો પણ.... નહીં ... .

ઈશ્વર નો ભય એ ડહાપણ ની શરૂઆત છે .

# કોટડા (ચકાર)સી.આર.સી. ના જાન્યુઆરી -૧૪ ના શિક્ષણ દીવડાઓ

We hope that you have a great year and accomplish all the fabulous goals you have set. Wish you a Happy Birthday! May you get the best of everything in life…..

From: Team kotda



ગં.સ્વ.સાવિત્રીબેન મડૈયાર
૫/૧/૧૯૫૭
કોટડા ઉગમણા પ્રા.શાળા

શ્રી હીરાલાલ મહેશ્વરી
૨/૧/૧૯૬૪
કોટડા ઉગમણા પ્રા.શાળા



શ્રીમતી મેઘા ચાવડા
૨૦/૧/૧૯૮૭
કોટડા ઉગમણા પ્રા.શાળા





કુ.મોનિકા બારમેડા
૧૫/૧/૧૯૯૦
કોટડા આથમણા પ્રા.શાળા

કુ.રીના લીંબાણી
૨૫/૧/૧૯૯૨
સરસ્વતી વિદ્યાલય







# કાપી નાખો મારા હાથ

પિતા જ્યારે હોતા નથી,
અને માં વધારે વૃદ્ધ થતી જાય છે.
ત્યારે એની આંખ માંથી પ્રશ્ન ડોકાયા કરે છે.
આ પુત્ર મને સાચવશે ખરો ?
પરંતુ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ ઉપર આવતો નથી.
આ એજ માં ,
જેણે મને ફૂલોની જેમ સાચવ્યો,
જે મારા પગલાં પાછળ-પાછળ અધર ટીંગાઈ રહેતી,
હું મોટો થઇ ટટ્ટાર ઉભો રહ્યો ત્યાં સુધી.
આ એ જ માં ,
જે મિઠા હાલરડાના ઘેનમાં મને ડુબાવી પછી જ સૂતી,
આજે એ ઊંઘમાંથી ઝબકી –ઝબકીને જાગી ઉઠે છે.
પણ બોલતા નથી.
એના ધ્રુજતા –ધ્રુજતા હાથમાંથી વારે વારે શંકા છટકી જાય છે.
કે દીકરાનો હાથ એને દગો દેશે તો ?
હું એને ટેકો આપી શકું એવું કશું જ કહી શકતો નથી.
ફક્ત મને મારા હાથ કાપી નાખવાનું મન થાય છે.
આજની યુવા પેઢી માટે ખાસ......
શબના સરઘસ નીકળે , નહિ લે જીવતા કેરી ભાળ
પૂતળા કેરી પૂજા કરે ને માનવ ઠેબાં ખાય.






નિખીલ ગોર
કોટડા આથમણા પ્રા.શાળા

- આ મારી આંખોમાં આંસુની ‘અતિવૃષ્ટી’
  હ્દયમાં ધબકારાનો ‘ભૂકંપ’.....
  મનમાં વિચારોનું કુંકાતુ ‘વાવાઝોડું’.....
  અને સુકાયેલા હોઠ પર શબ્દોનો ‘દુકાળ’.
  જો જિંદગી તારી બદલાયેલી આબોહવાથી,
  મારામાં આવેલું ‘ગ્લોબલ – વોર્મિંગ’......

“સહજ”



- ‘કાજલ’ની શાહીથી ,વ્યક્ત થાઉં કાગળ પર
  રીત અન્ય કોઈ અહી,મને ફાવી નથી.

કાજલ

- નવપલ્લવિત કરી શકે પ્રેમાળ માવજત.
  વૃક્ષો એ બીજું કાંઈ નથી,ધરતીનું હેત છે.

અજ્ઞાત

સંકલંન :કોકિલા એચ.પવાણી
ધાણેટી શાળા નં-૨



લોક સાહિત્ય ના દશ શબ્દો ના અર્થ આપો .........

૧.દેશ-પરદેશ ૨.આગલા પતિનું બાળક ૩. કાંધે ઉપાડી લે તેવો દીકરો ૪.ધમાચકડી ૫.વિદૂષક ૬.ભાંખડીયે ચાલવું ૭.ગોરસ આંબલીનું ઝાડ ૮.ટેકરો કે તેવી ઉંચી જગ્યા ૯.પાણી ગાળતા ગળણામાં છેલ્લે રહેતો કચરો .૧૦. પતિ ,વર

કોયડો

આઠ અક્ષરો વાળું ભારતનું એક રાજ્ય છે .અંતિમ બે અક્ષરો મળીને બનતા શબ્દનો અર્થ રાષ્ટ્ર થાય છે .પ્રથમ ત્રણ અક્ષરો થી બનતા શબ્દનો અર્થ “સૂર્યનો સારથી “થાય છે .પહેલો ,ચોથો અને પાંચમો અક્ષર મળી ને બનતા શબ્દનો અર્થ “સ્થિર “ થાય છે .છેલ્લા ત્રણ અક્ષરો મળીને બનતા શબ્દનો અર્થ મોટા દેશનો એક ભાગ થાય છે .તો . દોડાવો મગજ અને આપો જવાબ ..............

મદનકુમાર બી.ઠક્કર

જવાબ આવતા અંકે..........

ભારત રત્ન’ એવોર્ડની સ્થાપના ૧૯૫૪માં કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં એવોર્ડ મેળવનાર મહાનુભવોની યાદી

(૧) ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન (૧૯૫૪)
(૨) ડો. ચંદ્રશેખર વેંકટરામન (૧૯૫૪)
(૩) ચક્રવર્તી રાજગોપાલાચારી (૧૯૫૪)
(૪) એમ. વિશ્વેસ્વરૈયા (૧૯૫૫)
(૫) જવાહરલાલ નેહરુ (૧૯૫૫)
(૬) ડો. ભગવાન દાસ (૧૯૫૫)
(૭) પંડિત ગોવિંદ વલ્લભ પંત (૧૯૫૭)
(૮) ધોંડુ કેશવ કર્વે (૧૯૫૮)
(૯) પુરુષોત્તમદાસ ટંડન (૧૯૬૧)
(૧૦) ડો. બિધાનચંદ્ર રૉય (૧૯૬૧)
(૧૧) ડો. રાજેન્દ્ર પ્રસાદ (૧૯૬૨)
(૧૨) ડો. ઝાકિર હુસેન (૧૯૬૩)
(૧૩) પાંડુરંગ વામન કાણે (૧૯૬૩)
(૧૪) લાલબહાદુર શાસ્ત્રી (૧૯૬૬)
(૧૫) ઈન્દિરા ગાંધી (૧૯૭૧)
(૧૬) વરાહગિરી વેંકટગિરી (૧૯૭૫)
(૧૭) કુમારસ્વામી કામરાજ (૧૯૭૬)
(૧૮) મધર ટેરેસા (૧૯૮૦)
(૧૯) આચાર્ય વિનોબા ભાવે (૧૯૮૩)
(૨૦) ખાન અબ્દુલ ગફાર ખાન (૧૯૮૭)
(૨૧) સિલ્વિયા મરદુર રામચંદ્રન (૧૯૮૮)
(૨૨) નેલ્સન મંડેલા (૧૯૯૦)
(૨૩) ડો. ભીમરાવ આંબેડકર (૧૯૯૦)
(૨૫) રાજીવ ગાંધી (૧૯૯૧)
(૨૬) મોરારજી દેસાઈ (૧૯૯૧)
(૨૭) સત્યજીત રે (૧૯૯૨)
(૨૮) મૌલાના અબ્દુલ કલામ આઝાદ (૧૯૯૨)
(૨૯) જહાંગીર રતનજી દાદાભાઈ ટાટા (૧૯૯૨)
(૩૦) ગુલઝારીલાલ નંદા (૧૯૯૭)
(૩૧) અરૂણા અસફ અલી (૧૯૯૭)
(૩૨) ડો. અબ્દુલ કલામ (૧૯૯૭)
(૩૩) એસ. સુબ્બુલક્ષ્મી (૧૯૯૮)
(૩૪) ચિદમ્બરમ સુબ્રમણ્યમ (૧૯૯૮
(૩૫) પંડિત રવિશંકર (૧૯૯૯)
(૩૬) જયપ્રકાશ નારાયણ (૧૯૯૯)
(૩૭) ગોપીનાથ બોરડોલોઈ (૧૯૯૯)
(૩૮) પ્રો. અમર્ત્ય સેન (૧૯૯૯)
(૩૯) ઉસ્તાદ બિસ્મિલ્લા ખાન (૨૦૦૧
(૪૦) લતા મંગેશકર (૨૦૦૧)
(૪૧) પંડિત ભીમસેન જોશી (૨૦૦૯)
(૪૨) પ્રો. સીએનઆર રાવ (૨૦૧૩)
(૪૩) સચીન તેંડુલકર (૨૦૧૩



કનૈયાલાલ એન. સોલંકી
મ.શિ.પાલડી પ્રા.શાળા (બ.કાંઠા )



# ઓશિયાળા જીવનનું ગુમાન . . . ?

અલ્યા ગુમાની ફૂલ ! પ્રકૃતિનું મૌન ધારણ કરી છોડની કળીના ઉતુંગ શિખરે બિરાજમાન થઇ તું કંઈ કીર્તિની સૌરભનો નશો ફેલાવે છે ? તું તો છે મૂગુમંતર. કોણ વાત કરે તારી સાથે ? મરજી પ્રમાણે તો તું વર્તી શકે નહિ. કેવી તારી નિ:સહાયતા ? તે કદી શોક કર્યો છે ? સુખ દુ:ખનો અનુભવ કે તડકા-છાયાંનો શબ્દ છે તારા શબ્દકોશમાં ખરો? તે કદી નિરાશાનો અનુભવ કર્યો છે ? ગુસ્સાના આવેગનો ચમત્કાર જોયો છે? ગુસ્સામાં આવી જઈને તે કદી કોઈને શાપ દેવાની મજા માણી છે? સવારે ખીલી સાંજે ધરા ભેગું થનાર,ઓ ફૂલ ! જિંદગીના એક ટૂંકા ગાળામાં તે કદી કોઈ વિકટ પરિસ્થિતિ નો સામનો કરવાનું સાહસ કર્યું છે? પવનની એક જ લાપડાકે તું ધૂલભેગું થઇ જાય ત્યાં પછી પવનના ઝંઝાવાતનો તો તું સામનો પણ ક્યાંથી કરી શકે? કમનીય તારી પાંખડીઓ ભલે પરિમલને પ્રેમપાશમાં પૂર્ણ પણે બાંધી રાખે ! એનું ગૌરવ ધાડીભર તું કરી લે ! પણ ગુલાબજળ બની, બંદીવાન બની, જિંદગી ભર કેવું ઓશિયાળું જીવન તું જીવે છે? એટલે જ જયારે જયારે હું તને જોઉં છું, ત્યારે ત્યારે મને તારામાં સૌદર્ય, પ્રેમ, કોમળતાનું આ કેવું કરૂણ પ્રદર્શન છે તારું ! અને એટલે જ પ્રફુલ્લિત બનવા તત્પર કળી જયારે જયારે મારી નજરે ચડે છે, ત્યારે ત્યારે પેલા પ્રશ્નો મારી શાંત માનસ સપાટી પર તરંગ ઉભા કરી મને દુ:ખી દુ:ખી કરી જાય છે.પૃથ્વી ઉછંગે ઉછરી ધરતીનો ભાર બનતા ઓ ફૂલ, શેનો સંદેશો આપે છે તું ____

ઓશિયાળા જીવનનો.....

પરાધીનતાનો......

પરાજયનો.....?

ભરત એમ.પરમાર (જાંબુડી પ્રા. શાળા)



## ચિંતનિકા

એક દિવસ કબીર ગંગાના ઘટ પર ગયા હતા .તેમણે એક બ્રાહ્મણને નદી કાંઠે પોતાના હાથથી પોતાનાન શરીર પર પાણી નાખીને સ્નાન કરતો જોયો ,તો પોતાનો પિતળનો લોટો આપતા કહ્યું ,"લો ,આ લોટા થી આપણે સ્નાન કરવામાં સુવિધા રહેશે ."પણ બ્રાહ્મણે કબીરને ગુસ્સાથી ધૂરકતા કહ્યું ,"રહેવા દો .બ્રાહ્મણ વણકરના લોટા થી સ્નાન કરી ને ભ્રષ્ટ થઇ જશે ".સંત કબીર હસતાં હસતાં બોલ્યા ,"લોટો તો પિતળનો છે .વણકરનો નથી ,રહી વાત ભ્રષ્ટ થવાની તો માટી થી સાફ કરીને ગંગાના પાણીથી આને કેટલીય વાર ધોવામાં આવ્યો છે .અને તે હજી પણ અપવિત્ર છે તો મારા ભાઈ !!દુર્ભાવનાઓ ,વિકારોથી ભરેલો મનુષ્ય શું ગંગામાં નાહવાથી પવિત્ર થઇ જશે "? કબીર ના આ જવાબે બ્રાહ્મણ ને નિરુત્તર બનાવી દીધો .


પટેલ ગીતાબેન બી.

કોટડા આથમણા પ્રા.શાળા


કોટડા ઉગમણા V ચકાર
શ્રી કોટડા ચકાર સીઆરસી રમતોત્સવ-૨૦૧૩









# સરદાર બાળમેળો ૨૦૧૩



રંગ પૂરણી અને અક્ષર લેખન



ચીટક કામ






## શેરે ગુલશન



લોગ હર મોડ પે રૂક રૂક કે
સંભલતે ક્યોં હૈ ,,
ઇતના ડરતે હૈ તો ફિર ઘર સે
નિકલતે ક્યોં હૈ !!!!!



નકામી વેડફી નાખું છું એનું એક કારણ છે ,
જરૂરતથી વધારે જિંદગાની લઈને આવ્યો છું .
લાગણી ,દર્દ ,મહોબ્બત ને અધૂરી આશા ,
એક જગા પર જમા થાય,હૃદય થઇ જાયે .....
ખૂશ્બુ હજી છે બાકી જો સૂંધી શકો મને ,
હું પાનખર નથી –હું વીતેલો વસંત છું .
તન પરની આ કરચલીઓ જોયા કરો છો શું ?
જોવાની ચીજ છે ,જે ચિરાડો જીગર માં છે .

સૌંદર્ય ની દુનિયામાં છે સંયમનો રિવાજ ,
સ્વભાવના બંધન નો નથી કોઈ ઈલાજ ,
સમજી લે કે મોઘમ છે ઈશારા એના ,
ફૂલોમાંથી ક્યાં આવે છે હસવાનો અવાજ !!!!
અમારી જિંદગીનો આ સરળ પરિચય છે ,
રૂદનમાં વાસ્તવિકતા છે –ને હસવામાં અભિનય છે .
બધો આધાર છે એના જતી વેળા ના જોવા પર ,
મિલન માંથી નથી મહોબ્બતના પુરાવાઓ ........
એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો ,
કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે .....

મયુર જી.ભાનુશાલી
સી.આર.સી. કો.ઓ.



સી.આર.સી કોટડા (ચકાર) દ્વારા પ્રસિધ્ધ થતું "આચમન " મુખપત્ર વાંચ્યો. ભુજ તાલુકામાં આવો પ્રયત્ન ખરેખર કાબિલેદાદ છે.શિક્ષકોની શૈક્ષણિક મૂંજવણો અને શક્તિઓનો સુપેરે પરિચય કરાવવા આ કક્ષા એથી જે પ્રયત્નો થાય છે ,તે માટે મયુર ભાનુશાલી તથા સમગ્ર સી.આર.સી કોટડા ની ટીમ ને અભિનંદન ......પ્રગતિ કરો એવી શુભકામનાઓ સાથે નવા વર્ષ ૨૦૧૪ ના સર્વે સારસ્વત મિત્રો ને નૂતન વર્ષાભિનંદન ...........

હરિસિંહ એલ. જાડેજા
સંગઠન મંત્રી શ્રી ,
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ